©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] MONDAY, 03rd NOVEMBER, 2025/KARTIKA 10, 1947 [No. 7222

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસૂચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯

નિયમ-૨૬(૧) અને ૨૬(૩)ની જોગવાઈ હેઠળ

(નમૂના-"ઝ"મુજબ)

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪ (મોટા વરાછા - ઉત્રાણ) (પ્રથમ ફેરફાર)

નં. નરયો/નં.૨૪(મોટા વરાછા-ઉત્રાણ) (પ્ર.ફે.)(સુરત/)જનરલ/૫૯૦૯.-હું નીચે સહી કરનાર નગર નિયોજક-૧, પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, નગર રચના યોજના એકમ-૧, સુરત આથી તમામ હિત ધરાવતી અને સબંધિત વ્યક્તિઓને જાણ કરૂ છું કે, ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૦૧-૦૮-૨૦૨૫ ના જાહેરનામાં ક્રમાંક:જીએચ/વી/૨૦૨૫ નો ૨૮૧/UDUHD/TPS/e-file/૧૮/૨૦૨૪/૦૩૧૮/એલ થીમંજૂર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ) (પ્રથમ ફેરફાર)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઇ અનુસારઆખરી કરવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૦૧-૦૮-૨૦૨૫ ના જાહેરનામાં ક્રમાંક:જીએચ/વી/૨૦૨૫ નો ૨૮૨/UDUHD/TPS/e-file/૧૮/૨૦૨૪/૦૩૧૮/એલ થી નગર નિયોજક-૧, પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, નગર રચના યોજના એકમ-૧, સુરતની નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ નિમણૂક કરવામાં આવેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાત સરકારના તા.૦૧-૦૮-૨૦૨૫ ના એક્સ્ટ્રા ઓર્ડિનરી રાજયપત્રના Vol.LXVI] પાર્ટ-IV-B Ex.400 ના પાના નં.૪૦૦-૧ ઉપર થયેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૧) થી ઠરાવ્યા મુજબ, હું આથી એવી નોટીસ આપું છું કે, મેં તા. ૧૬-૧૦-૨૦૨૫ ને ગુરૂવાર ના રોજ નગર રચના અધિકારી તરીકેની ફરજો સંભાળી લીધેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪ (મોટા વરાછા - ઉત્રાણ) (પ્રથમ ફેરફાર)ની વિગતો નીચે મુજબ છે.

ચર્તુસીમા:

ઉત્તરે : આખરી નગર રચના યોજના નં. ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ) નો ૨૪.૦૦ મી. પહોળાઈનો રસ્તો, આખરી નગર રચના યોજના નં. ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ) ના અંતિમખંડ નં.૨૭, ૨૮ વાળી જમીન.

દક્ષિણે : આખરી નગર રચના યોજના નં. ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ) ના અંતિમખંડ નં.૧૨૯ તથા અનામત અંતિમખંડ નં.આર-૨૯ (૧૮૦) વાળી જમીન અને આખરી નગર રચના યોજના નં. ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ) નો ૯.૦૦ મી. નો રસ્તો.

પૂર્વે : આખરી નગર રચના યોજના નં. ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ)નો અનામત અંતિમખંડ નં.આર-૩૦ (૧૮૧) વાળી જમીન, આખરી નગર રચના યોજના નં. ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ) નો અંતિમખંડ નં.૨૭ અને ૨૬.

પશ્ચિમે : આખરી નગર રચના યોજના નં. ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ) નો ૧૮.૦૦ મી. પહોળાઈનો રસ્તો, આખરી નગર રચના યોજના નં. ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ) ના અંતિમખંડ નં.૨૮, ૩૩.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪ (મોટા વરાછા-ઉત્રાણ) (પ્રથમ ફેરફાર) માં સમાવિષ્ટ જમીનોની વિગત નીચે મુજબ છે.

આખરી નગર રચના યોજના નં. ૨૪ (મોટા વરાછા - ઉત્રાણ) ના અંતિમખંડ નં.૧૩૦, અનામત અંતિમખંડ નં. આર-૭ (૧૫૮) (સેલેબલ ફોર કોમર્શીયલ).

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ કરેલ નિયમોના નિયમ-૨૬(૩)થી ઠરાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને જાણ કરૂ છું કે તેઓને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૫૨માં જણાવેલી બાબતોના સંબંધમાં ગુજરાત સરકારના રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૨૦(વીસ) દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા ૭/૧૨, હિસ્સા-માપણી શીટો અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિતમાં જણાવવા, તદઉપરાંત ઉપરની નગર રચના યોજનાથી પ્રતિકૂળ અસર થયેલ કોઈપણ વ્યક્તિ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮૨ અનુસાર નુકસાનીનો દાવો કરવા હક્કદાર છે અને તેમણે તેના દાવાની વિગતો આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની ત્રણ મહીનાની અંદર જરૂરી દસ્તાવેજો અને જરૂરી પ્રમાણિત પુરાવા સહિત મારી સમક્ષ લેખિતમાં રજૂ કરવા.

સરકારશ્રીએ મંજૂર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪ (મોટા વરાછા-ઉત્રાણ) (પ્રથમ ફેરફાર)ના મુસદ્દાની નકલ, તમામ જરૂરી દસ્તાવેજો પત્રકો, પ્લાનો, ફોર્મ-એફ જોવા માટે રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નીચે જણાવ્યા મુજબના સરનામે નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લા રાખવામાં આવશે અને જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અને નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલી કોઈપણ વ્યક્તિને ઉપરોક્ત કચેરીમાં યોજનાની દરખાસ્તો જોવા તથા સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્થળ : સુરત

તા : ૧૬-૧૦-૨૦૨૫

એ.એમ. પટેલ
નગર રચના અધિકારી અને નગર નિયોજક-૧,
સુરત નગર રચના યોજના એકમ-૧
સુરત.

કચેરીનું સરનામું :

નગર રચના અધિકારી અને નગર નિયોજક-૧,
સુરત નગર રચના યોજના એકમ-૧,
પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે,
વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭.
Email:stp-tpo1-srt@gujarat.gov.in

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.11.07 09:05:34 IST